સ.શિ.પ. / ફેબ્રુ ૨૦૦૩ / --

# સત્સંગ શિક્ષણ પરીક્ષા

## બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા

## સત્સંગ પ્રવીણ

## પ્રશ્નપત્ર - ૨

બપોરે ૨ થી ૫]　　(રવિવાર, ૧૬ ફેબ્રુઆરી, ૨૦૦૩)　　કુલ ગુણ : ૧૦૦

**નોંધ : જમણી બાજુએ આપેલા અંકો જે તે પ્રશ્નના ગુણાંક દર્શાવે છે.**

(વિભાગ - ૧　કિશોર સત્સંગ પ્રવીણ)

**પ્ર.૧. નીચેનાં વિધાનો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો.** ૬

૧. ''અમારો ઢોલિયો તણાય છે.''

૨. ''હું ત્યાગી થવા ગઢડે જાઉં છું.''

૩. ''તારા હાથ બતાવ તો.''

**પ્ર.૨. નીચે આપેલાં વાક્યોમાંથી કોઈપણ બે વિષે કારણ આપો. (બારેક લીટીમાં)** ૬

૧. વાણિયાઓએ મહારાજની માફી માગી.

૨. કૃપાનંદ સ્વામીના મંડળમાં સૌને સહેજે જ નિયમ-ધર્મની દૃઢતા રહેતી.

૩. રામબાઈએ ચરણામૃત કૂવામાં નાખ્યું.

૪. શ્રીજીમહારાજ ગઢડાના જીવાખાચરને ધામમાં તેડી ગયા.

**પ્ર.૩. નીચેના વિષયો ઉપર મુદ્દાસર નોંધ લખો. (બારેક લીટીમાં)** ૮

૧. ભક્તચિંતામણિ　**અથવા**　શ્રીહરિલીલામૃત

૨. સ્વયંપ્રકાશાનંદ　**અથવા**　ઉકાખાચર

**પ્ર.૪. નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં આપો.** ૬

૧. અન્ન અને દ્રવ્યની શુદ્ધિ ક્યારે થાય ?





૨. વારણા ગામમાં સંકટભંજન હનુમાનજીની મૂર્તિ કોણે પધરાવી ?

૩. વચનામૃત ગઢડા મધ્ય ૫૧માં મહારાજે આજ્ઞાપાલનનો શો મહિમા કહ્યો છે ?

૪. શાસ્ત્રીજી મહારાજ મગનભાઈ માટે શું કહેતા ?

૫. ભગવદીય તીર્થ એટલે શું ?

૬. ધ્યાનનું મૂળ શું છે ?

**પ્ર.૫. નીચે આપેલ 'સ્વામીની વાત' પૂરી કરી તેનું નિરૂપણ લખો.** ૫

દુઃખ કોઈ માનશો નહીં..................

**અથવા**

**નીચે આપેલ વચનામૃતનું નિરૂપણ લખો.**

ગઢડા પ્રથમ પ્રકરણનું ૨૨મું

**પ્ર.૬ નીચે આપેલાં વાક્યોમાંથી વિષયને અનુરૂપ પાંચ સાચાં વાક્યોને શોધી ફક્ત નંબર લખો.** ૫

**ટૂંકનોંધઃ- જેઠામેર**

**૧.** શ્રીહરિએ જેઠામેરને આખી રાત ઉપદેશની વાતો કરી. **૨.** જેઠામેર છેડા વર્તમાન પાળતા હતા. **૩.** જેઠામેર મઢડાના વતની હતા. **૪.** મહારાજે જેઠામેરને કહ્યું : 'તમને સંસાર બંધન નહીં કરે.' **૫.** તેમના બ્રહ્મચર્યવ્રતનું ફળ આપવા મહારાજ તેમના ઘરે પધાર્યા. **૬.** મહારાજે કહ્યું : 'જેઠામેર! તમે અમારા જતિ છો.' **૭.** મહારાજે જેઠામેરને દીક્ષા આપી સર્વજ્ઞાનંદ નામ પાડ્યું. **૮.** જેઠામેર કૃતયુગથી બ્રહ્મચર્યવ્રત પાળતા હતા. **૯.** શ્રીહરિએ તેમને બ્રહ્મચર્યવ્રત ચાલુ રાખવા કહ્યું. **૧૦.** બ્રહ્માએ જેઠામેરને કહ્યું : તમોને જન્મ આપનાર માતા-પિતાને ધન્ય છે.

**પ્ર.૭. (અ) નીચેની કોઈપણ <u>બે</u> પંક્તિ પૂર્ણ કરો.** ૪

૧. સ્વામિનારાયણ નામને ................................ તત્કાળ જાશે.

૨. વ્હાલા તારી મૂરતિ ............................... નવ પીએ રે લોલ.

૩. વળી તમારે વિષે ........................ અલૌકિક ખ્યાલ.

**(બ) નીચેનામાંથી કોઈપણ <u>બે</u> ની પૂર્તિ કરો.** ૪

૧. જનમંગલ નામાવલિમાંથી ખૂટતાં નામ પૂર્ણ કરો.

જિતેન્દ્રિયાય નમઃ। ... ... ... પરમહંસાય  નમઃ ।

૨. श्रीवासुदेव ... ... ... शरणं प्रपद्ये॥

૩. गालिदानं ताडनं ... ... ... हितं च तैः॥

**(વિભાગ - ૨ ગુણાતીતાનંદ સ્વામી)**

**પ્ર.૮. નીચેનાં વિધાનો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો.** ૬

૧. ''અત્યારે તો ધામ તમારી આગળ જ ખડું છે.''

૨. ''મારું કહ્યું તો એક જોગી ફેરવી શકે.''

૩. ''આપ આમ વર્તો છો તો અમારું શું થશે?''

૪. ''તમારી ગાડીને જોડેલા બળદ ઉપર અમારે ધૂંસરી મુકાય નહીં.''

**પ્ર.૯ નીચે આપેલાં વાક્યોમાંથી કોઈપણ <u>બે</u> વિષે કારણ આપો. (દસેક લીટીમાં)** ૬

૧. સૂરતમાં રોકાણ દરમ્યાન ગુણાતીતાનંદ સ્વામીને રોજ ઝોળી માગવા જવું પડતું.

૨. પીતાંબરદાસનું પરિવર્તન થયું.

૩. વેદાંતીઓ ગભરાઈ ગયા.





**પ્ર.૧૦. નીચેના કોઈપણ <u>બે</u> વિષે મુદ્દાસર નોંધ લખો. (બારેક લીટીમાં)** ૮

૧. સદ્‌ગુરુ કોણ ?

૨. અનાદિના સેવક

૩. ખારા જીવને મીઠા કર્યા

૪. રંકમાંથી રાય

**પ્ર.૧૧. નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં આપો.** ૫

૧. મહારાજે શેરડીના ખેતરમાં મૂળજીભક્તને દર્શન દઈ શું કહ્યું ?

૨. ગુણાતીતાનંદ સ્વામી જૂનાગઢ કેટલો સમય રહ્યા ?

૩. મૂળજીભક્તનો જન્મ ક્યાં અને ક્યારે થયો હતો ?

૪. માવજીભાઈએ ગુણાતીતાનંદ સ્વામીને શું જમાડ્યું ?

૫. જૂનાગઢ મંદિરની પ્રતિષ્ઠા વખતે મહારાજે ગોપાળાનંદ સ્વામીને શું કહ્યું ?

**પ્ર.૧૨. નીચેના પ્રસંગોમાંથી કોઈપણ <u>એક</u> પ્રસંગ ટૂંકમાં વર્ણવી ભાવાર્થ લખો. (બારેક લીટીમાં)** ૪

૧. જીવની અવળાઈ

૨. આજ્ઞાધારક

૩. સૂક્ષ્મતપ

**પ્ર.૧૩ આપેલા વિકલ્પોમાંથી સાચા વિકલ્પો લખો.** ૬

**નોંધ : એકથી વધારે (બે કે ત્રણ પણ) જવાબ સાચા હોઈ શકે. તમામ સાચા જવાબ જણાવ્યા હશે તો જ પૂર્ણ ગુણ મળશે અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

૧. પંચાળામાં ગુણાતીતાનંદ સ્વામીને તિલક કરી મહારાજ બોલ્યા :

(અ) 'હું જેવો કોઈ ભગવાન નથી.'

(બ) 'આ અમારા તિલક.'

(ક) 'તિલક સારું કરી જાણો છો.'

(ડ) 'આ સાધુ જેવું તિલક કરતા શીખો.'

૨. વાસુદેવચરણદાસને શાંતિ થઈ કારણ કે

(અ) શેરડીનાં માદળિયાં જમ્યાં

(બ) દાદાખાચરના નળિયાનું ધ્યાન કર્યું

(ક) ચંપાનું પ્રસાદીનું ફૂલ સૂંઘ્યું.

(ડ) ગાર લીંપવાની સેવા કરી.

૩. ગુણાતીતાનંદ સ્વામી સંતોને શિખામણ આપતા કહેતા :

(અ) 'કમીગઢના રયા દેસાઈનો સમાગમ કરવો.'

(બ) 'હરિભક્તો આપણી ક્રિયાથી રાજી થાય તેમ વર્તવું.'

(ક) ગુરુ સોળ આની વર્તે ત્યારે શિષ્ય એક આની વર્તે.

(ડ) શિક્ષાપત્રી પ્રમાણે દશમો-વીશમો ભાગ હરિભક્ત પાસેથી લેવો.

**(વિભાગ - ૩ 'સત્સંગ પરિચય' પરીક્ષાનાં પુસ્તકોને આધારે)**

**પ્ર.૧૪ નીચેના વિષયો ઉપર વીસ લીટીમાં વિવરણ લખો.** **૨૧**

૧. ગુરુવચને ચૂરેચૂરા

**અથવા**

જૂનાગઢમાં અપૂર્વ સન્માન

૨. દામોદરભાઈ

**અથવા**

પરમચૈતન્યાનંદ સ્વામી

૩. સમદર્શી

**અથવા**

આ ગારો નહીં પણ ચંદન છે.

❖ ❖ ❖